# મજરા પાસે અકસ્માતમાં ઘવાયેલા બે પૈકી એકનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા.૮

પ્રાંતિજ તાલુકાના મજરા પાસે ગત તા. ૬ નવેમ્બરના રોજ રોંગ સાઈડમાં આવી રહેલા ટ્રેક્ટરના ચાલકે અમદાવાદના એક્ટીવા પર જઈ રહેલ દંપતિને ટક્કર મારતા ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તેમને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગુરૂવારે એક ઈજાગ્રસ્તનું મોત નિપજ્યું હતું. જે અંગે પ્રાંતિજ પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ગત તા. ૬ નવેમ્બરના રોજ મજરા કોલેજ પાસેથી એક્ટીવા નંબર જીજે.જે.આર.૯૦૭૫ પર અમદાવાદના રાજેશકુમાર નવીનચંદ્ર શાહ અને તેમના પત્નિ વનીતાબેન રાજેશકુમાર શાહ પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક રોંગ સાઈડમાં એક ટ્રેક્ટર ચાલકે આવી એક્ટીવાને ટક્કર મારતા પતિ-પત્નિને ગંભીર ઈજા થઈ હતી. જેથી બંનેને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન રાજેશકુમાર શાહનું મોત નિપજ્યું હતું. જે અંગે શુક્રવારે જીજ્ઞેશભાઈ મનુભાઈ શેઠે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પૂર્વ નાયબ પ્રધાન મંત્રી શ્રી લાલકૃષ્ણ અડવાણીને મુખ્યમંત્રીએ જન્મદિનની શુભકામનાઓ પાઠવી

ગાંધીનગર, તા.૮

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે નવી દિલ્હીમાં



પૂર્વ નાયબ પ્રધાન મંત્રી અને ગાંધીનગરના સાંસદ વરિષ્ઠ અગ્રણી શ્રી લાલકૃષ્ણ અડવાણીજીનો તેમના ૮૬મા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ અડવાણીજીના નિવાસસ્થાને જઈને તેમને જન્મદિન શુભકામનાઓ સાથે તંદુરસ્ત નિરામય જીવનની મંગલ કામનાઓ વ્યકત કરી હતી.

# જંગરાલ એસબીઆઈ બેંકે લોન આપવાનું બંધ કરતા હજારો શિક્ષિત બેરોજગારોને રોજગારીના ફાંફાં

પાટણ, તા.૮

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જંગરાલ શાખા દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષિત બેરોજગારોને લોન આપવાનું બંધ કરાતા શિક્ષિત બેરોજગારોની હાલત કફોડી બનવા પામી છે.

પાટણ તાલુકામાંથી અલગ પડી સરસ્વતી તાલુકો નવો બન્યો છે. આ વિસ્તારના જંગરાલ ગામે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા આવેલી છે. આ બેંક દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી શિક્ષિત બેરોજગારોને ધંધો કરવા માટે લોન આપવાનું બંધ કરાતા નાણાંકીય મુડીના અભાવે આ વિસ્તારના હજારો યુવકો રોજગારી માટે ફાંફા મારી રહ્યા છે. આ વિસ્તારમાં ધો-૧૦થી માંડી સ્નાતક અને અનુસ્નાતક સુધીના શિક્ષિત બેરોજગારો જે રોજગારીથી વંચિત છે તેઓ ધંધા માટે વિકસતી જાતિ કલ્યાણ વિભાગ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં જરુરી આધાર પુરાવા સાથે અરજી કરે છે અને આ ખાતાના અધિકારીઓ બેરોજગારોને લોન આપવા જંગરાલ બેંકનો ભલામણનો પત્ર મોકલે છે. પરંતુ બેંકે લોન આપવાનું બંધ કરી દેતા હજારો ભલામણોના પત્રો પસ્તી પુરવાર થયા છે. બેરોજગાર યુવકો વારંવાર બેંકના ધક્કા ખાઈને કંટાળીને આખરે પોતાના નસીબને કોશતા બેસી રહે છે. ધીમી ગતિએ વિકસી રહેલા આ વિસ્તારમાં ધંધાની અનેક તકો છે શિક્ષિત રોજગારોને પોતાના ધંધા રોજગાર વિકસાવી આગળ આવવું છે પરંતુ નાણાંકીય વ્યવસ્થાના અભાવે તેઓ નવી તકોથી વંચિત બન્યા છે.

# મટોડા પાસે કારની ટક્કરે યુવાનનું મોત



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ)

ખેડબ્રહ્મામાં તાલુકાના મટોડા ગામ પાસે શુક્રવારે એક બાઈક સવારને અકસ્માત નડતા બાઈક સવાર યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મટોડા ગામ પાસે શુક્રવારે સાંજના સુમારે ખેડબ્રહ્માથી અંબાજી તરફ જતી ઈનોવા કાર નં. જીજે-૧ કે એ ૭૭૧૦ના ચાલકે સામેથી આવતી બાઈક નં. જીજે-૯ સીડી ૧૫૯૪ને ટક્કર મારી હતી. જેમાં પાંચ મહુડા ગામના જસવંતભાઈ દીનાભાઈ ખેર ઉ.વ.૩૦ ને કારની ટક્કરથી રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી જસવતંભાઈ ખેરનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. ખેડબ્રહ્મા પોલીસને આ અંગે જાણ થતા પી.એસ.આઈ. ડી.ડી ચાવડા ઘટના સ્થળે દોડી ગયા હતા અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારના રોજ મટોડા ગામ પાસે જ કાર રીક્ષા અથડાતા એક યુવાનનું મોત નિપજયું હતું.

## ઉમરેઠમાં જશ્ને શહીદે આઝમ મનાવાશે

આશરે ૧૪૦૦ વર્ષ પહેલા ઈરાક ખાતે આવેલા મેદાને કરબલામાં પઝીદના લાખ્ખોના લશ્કર સામે ફક્ત બોતેર હુસેનીઓએ પઝીદની બાલિલ હુકુમતને પડકારી સત્યતાની લડાઈમાં પોતાના બોતેર જાનીશારો સાથે ઈમામે હુસેને શહાદત વહોરી માનવતાની અનોખી મીસાલ આપી હતી તેમની યાદમાં મુસ્લીમ બિરાદરો ઠેર-ઠેર પાણીની પરબ બંધાવે છે. અને ઠંડા પીણા વહેંચે છે. મોહરમના એક ચાંદથી ૧૦માં ચાંદ સુધી કસ્બા મોહલ્લામાં ઈશાની નમાજ બાદ દરગાહ પાસે કુરઆન ખ્વાજા યોજાશે. વડાબજાર, કસ્બા, મૂળ ભાગળ તેમજ ઓડ બજાર જેવા વિસ્તારોમાં કલાત્મક તાજીયા બનાવવામાં આવી રહ્યા છે. જે મોહરમના દસમીના રોજ વિસર્જન કરવામાં આવશે.

## ચિઠોડાની પરિણીતાને મરવા દુષ્પ્રેરણા આપનાર ત્રણ સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૮

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામની પરિણીતાને પતિ, સાસુ અને સસરા દ્વારા લગ્નજીવન દરમિયાન રૂ. ૫૦ હજારની માગણી કરીને શારીરિક-માનસિક ત્રાસ આપી તેણીને મરવા સુધી મજબુર થવા સાસરીયા દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ અપાતી હતી. પરણિતાનું ગત શુક્રવારે કોઈ કારણોસર મોત થતાં પિયર પક્ષનાએ તેણીના પતિ સહિત ત્રણેય સાસરીયા વિરુધ્ધ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ઘટના અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વિજનયગર પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે રહેતા અલ્પેશભાઈ બાબુભાઈ ખરાડી સાથે રંજબેનના લગ્ન થયા હતા. પરિણીતાના લગ્ન જીવન દરમિયાન પતિ અલ્પેશ, સસરા બાબુભાઈ સુખાજી ખરાડી અને સાસુ એકબીજાની મદદગારીથી રંજનબેનને શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. તદ્ઉપરાંત સાસરીયા દ્વારા રૂ. ૫૦ હજારની માગણી કરીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી પરિણીતાને મરવા સુધીનું દુષ્પ્રેરણ કરાતું હતું. કોઈ કારણસર પરિણીતા રંજનબેનનું ગત શુક્રવારે ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં મોત નિપજયા બાદ તેણીના પિયર પક્ષના જયંતિભાઈ રામજીભાઈ સળાતે (રહે. દંતોડ, વિજયનગર) બુધવારે વિજનયગર પોલિસ સ્ટેશનમાં ત્રણેય જણા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. વિજયનગર પી.એસ.આઈ. આર.ડી. સગરે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ડભોડા લવારપુર માર્ગ પર બાઈકની ટક્કરથી સારવાર બાદ યુવાનનું મોત

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામના લવારપુર-ડભોડા માર્ગ આતાજીના છાપરામાં રહેતો ૩૦ વર્ષીય યુવાન વિષ્ણુજી નાથુસિંહ સોલંકી અઠવાડિયા અગાઉ સાંજના સમયે મજૂરી કામ કરી ઘરે પરત આવતો હતો ત્યારે બાઈક ચાલકે વિષ્ણુજી સોલંકીને ટક્કર મારતા સારવાર અર્થે ૧૦૮ ઈમરજન્સી દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવાનનું અઠવાડિયા બાદ સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. આ બનાવની જાણ પોલીસને થતાં ડભોડા પોલીસ સ્ટેશનના અકબરમીયા હોસ્પિટલ જઈ મૃતક યુવાનની લાશનુ પી.એમ. કરીને તેમના પરિવારજનોને સોંપી દીધી હતી. આ બનાવ અંગે ડભોડા પોલીસે અકસ્માત કરનાર બાઈકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સલાલ પાસે અજાણ્યા વાહનની ટક્કરે મહિલાનું મોત

પ્રાંતિજ, તા.૮

પ્રાંતિજ તાલુકાના સલાલ ચોકડી પાસે આજે સવારે રૂપાજીવાસમાં રહેતી એક મહિલાને માર્ગ ઓળંગતી વખતે અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતા મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા ઘણા સમયથી હિંમતનગર ચિલોડા હાઈ-વે પર નાના મોટા અકસ્માતોના બનાવો વધવા પામ્યા છે. ત્યારે ગત રોજ વધુ એક અકસ્માતનો કિસ્સો બનવા પામ્યો હતો જેમાં અજાણ્યા વાહને બબાજી ગુપતાજી ચૌહાણની પત્નીને માર્ગ ઓળંગતી વખતે જોરદાર ટક્કર મારતા મહિલા ફંગોળાઈ ગઈ હતી અને શરીરે ઈજાઓ થતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે પ્રાંતિજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### સંસ્કારોનું ધોવાણ (પાના નં. ૪ નું ચાલુ)

પોષ્ટિક ભોજન તથા રહેણીકરણી પર પણ પાશ્ચાત્ય અસર વધતી જાય છે. યુવાનો ફાસ્ટફૂડના શોખીન થતા જાય છે. ગુજરાતી થાળીના બદલે પીઝા, મન્ચ્યુરીયન કે ચાઈનિઝ ફૂડ પસંદ કરતા થયા છે. આંધ્ર રાજયમાં પડેલા ધોરણથી સંસ્કૃતિ ફરજિયાત હતું. માતૃભાષા બારમા ધોરણ સુધી ફરિજયાત હતી. આપણે સંસ્કૃતિને વિદાય આપી દીધી ને માતૃભાષાને દસમા એ અટકાવી દીધી.

સમાજના આ પરિવર્તનમાં આપણી પરંપરા ને સંસ્કારોનું ધોવાણ થતું જાય છે. આ માટે જો સજાગતા નહી કેળવાય તો ભારતીય અંગ્રેજી એવી નવી પ્રજાતિ પાંગરશે તેવું લાગે છે. જેનું કલેવર ભારતીય તથા સંસ્કાર આ પાશ્ચાત્ય હશે. પાશ્ચાત્ય સંસ્કૃતિનું એક આગવું લક્ષણ જે પ્રછન્ન પણે આપણામાં વિકસતું જાય છે તે માનવી પણ સંસાધન માનવાનું ગમે તે ભોગે તમે પોતે આગળ આવો. અન્ય માટે હેરાન ન થાઓ. કોઈપણ રીતે પ્રથમ સ્થાન મેળવી લો. 'આ વલણો હવે આપણી નવી પેઢીએ અપનાવ્યા છે. આપણે મન વ્યક્તિ માનવ છે. પ્રેમ-ભાવના- અન્ય માટે ઘસાઈ જવાની ભાવના મુખ્ય હતી. તેનો અભાવ વર્તાવા લાગ્યો છે. બીજાને હડસેલી પોતાની જાતને આગળ કરવાની વૃત્તિ તમામ વર્ગોમાં દેખાય છે જે નજીકના ભવિષ્યમાં હાની કરનાર થશે'

વૈજ્ઞાનિક સંશોધનોના નામે આપણી પરંપરાગત દવાઓ, જમાવાનો સમય, ઉઠવા-સૂવા માટેના નિયમો ઈત્યાદિમાં પરિવર્તન આવતા જાય છે. વિદેશી દારૂનો પ્રચાર તથા પ્રસાર વધતો જાય છે. માતા-પિતા સમજણા બાળકોની હાજરીમાં ફલાઈંગ- કીસ ફેંકતા થયા છે. ફિલ્મોમાં આવતા કામુક દશ્યો તથા તેવા સંવાદો જરા પણ શરમાયા વિના જ જાહેરમાં બોલાતા થયા છે. મન તથા તન પર તો કાબૂ અહંમ ભાવે લીધો છે. આપણા ડૉકટર્સ પણ વીર્ય સ્ખલન તથા હસ્તમૈથુનને સ્વાભાવિક ગણે છે. પરણિત સ્ત્રી અને પુરુષ અન્ય પાત્રના પ્રેમમાં પડી કાં તો આત્મહત્યા કરે અથવા બીજા ઘરે દોડી જાય તેવા કિસ્સા પુષ્કળ નોંધાય છે.

આ તમામ બાબતો બતાવે છે કે અત્યારે આપણે નથી પૂરતા ભારતીય રહ્યા કે નથી પૂરા અંગ્રેજ બન્યા. અંગ્રેજ બનવાનું શક્ય નથી માટે આપણા બાળકોને ભારતીય તરફ આપણા સંસ્કારો પ્રત્યે વાળશો એ જ યોગ્ય ગણાશે.

## વિઠોડા દૂધ મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો

વિઠોડા, તા. ૮

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં આવેલ વિઠોડા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ તા. ૭મી નવેમ્બર ગુરૂવારે ઉજવાયો હતો. આ મહોત્સવમાં મિલ્ક માર્કેટીંગ ફેડરેશન આણંદ અને દૂધ સાગર ડેરી મહેસાણાના ચેરમેન વિપુલ ચૌધરી અને ગુજરાત રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર તેમજ વાહન વ્યવહાર મંત્રી પરબત પટેલે હાજરી આપી હતી.

આ સુવર્ણ જયંતિ સમારોહમાં સમારંભના પ્રમુખસ્થાને વિપુલ ચૌધરી તેમજ સમારોહના ઉદ્ઘાટક તરીકે મંત્રી પરબત પટેલે સ્થાન શોભાવ્યુ હતું. તો મુખ્ય મહેમાન પદે અખિલ આંજણા કેળવણી મંડળ માણસાના પ્રમુખ જાણીતા ઉદ્યોગપતિ હરિભાઈ ચૌધરી અને સુરતના ઉદ્યોગપતિ જીતુ શાહે હાજરી આપી હતી. સંસ્થા દ્વારા આ પ્રસંગે સુવર્ણજયંતિ સ્મરણિકા બહાર પાડી હતી જેનું વિમોચન જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરદ્ હસ્તે કરાયું હતું. આ સમારંભમાં સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, ખેરાલુના ધારાસભ્ય ભરતસિંહ ડાભી, પૂર્વ ધારાસભ્ય રમીલાબેન દેસાઈ તેમજ ખેરાલુ તાલુકા પંચાયતના પ્રમુખ રમીલાબેન એમ. દેસાઈએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સ્વર્ણિમ વર્ષ દરમ્યાન સૌથી વધુ દૂધ ભરાવનાર અને પ્રથમ નંબરે આવનાર દૂધ ઉત્પાદકોનું સન્માન કરાયું હતું. તેમજ સભાસદોને પ્રોત્સાહિત ગીફ્ટ પણ આપવામાં આવી હતી.

# ગાડીમાં દારૂની એક બોટલ લઈને જતાં બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના 'જ' માર્ગ પરથી નીકળેલી અલ્ટો ગાડીનું આજે બપોરે સે-૭ પોલીસે ચેકીંગ કરતાં તેમાંથી એક વિદેશી દારુન ૧બોટલ મળી આવીહતી. પોલીસે દારુની બોટલ સાથે ગાડી જપ્ત કરીને ઈન્દ્રોડા ગામના બંને શખ્સોની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બપોરના બે વાગ્યાના અસામાં સે-૭ પી.આઈ. જે.એમ. ભરવાડ જ માર્ગ પર સરીતા ઉદ્યાન નજીક વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે દરમિયાન એક મારુતી અલ્ટો ગાડી ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે તેમની ગાડી ઉભી રખાવીને ચેકીંગ કરતાં એક એન્ટીકયુટી દારુની બોટલ મળી આવી હતી. રૂ. ૫૦૦ની કિંમતની બોટલ અને ૯૦ હજારની કિંમતની ગાડી મળીને રૂ. ૯૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ઈન્દ્રોડાના બંને શખ્સો રાણાજી ઊર્ફે મનુજી પ્રતાપજી મકવાણા તથા સોાજી ગાંડાજી મકવાણાની ધરપકડ કરી લઈને પુછતાછ શરુ કરી છે.

# નભોઈ ગામના લાપતા યુવાનનું બાઈક કેનાલ પાસેથી મળ્યું

## આપઘાત કરી લીધો હોવાની આશંકાથી ફાયરબ્રિગેડની ટીમની મદદથી પોલીસે શોધખોળ આરંભી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના નભોઈ ગામમાં રહેતો એક યુવાન ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ ગયો છે તેનું બાઈક આજે સવારે નભોઈ પાસે નર્મદા કેનાલ બહારથી મળી આવ્યું છે. આ સંદર્ભે યુવાનનાં પરીવારજનોને જાણ થતા કેનાલમાં તેણે આપઘાત કરી લીધો હોવાની શકયતા જણાતા પોલીસ અને ફાયરબ્રિગેડને બોલાવી લેવામાં આવી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે સવારથી શોધખોળ શરુ કરી છે પરંતુ મોડી સાંજ સુધી કેનાલમાંથી કોઈ મળ્યું ન હતું.

સવારના સુમારે કેનાલ સિકયુરીટી ગાર્ડે નભોઈ કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળ્યો ત્યારે એક બાઈક અને મોબાઈલ કેનાલ બહાર પડેલો મળી આવ્યો હતો. નભોઈ ગામના ગુમ થયેલા એક યુવાનને શોધતા શોધતા તેના પરિવારજનો કેનાલ સુધી આવી પહોંચ્યા હતા.કેનાલ સિકયુરીટીને પુછતા તેણે કેનાલ પાસે પડેલા એક બાઈક અને મોબાઈલ અંગે જાણ કરી હતી. બાઈક અને મોબાઈલ તે જ યુવાનનો હોવાનું બહાર આવતા પોલીસને જાણ કરીને બોલાવી લેવામાં આવી હતી. ગાધીનગર ફાયર બ્રિગેડની ટીમને યુવાન કેનાલમાં પડયો હોવાની આશંકાને પગલે શોધખોળ કરવા માટે અડાલજ પોલીસે બોલાવી લીધી હતી. મોડી સાંજ સુધી કરેલી શોધખોળ બાદ પણ કેનાલમાં યુવાનના સગડ મળ્યા ન હતાં. મોબાઈલની કોલ ડીટેઈલ પરથી અડાલજ પોલીસે તપાસ શરુ કરી છે.

## આરોગ્ય ચકાસણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિમારીથી પીડાતા પણ મળી આવ્યા હતા. ગત વર્ષે બાળકોને આયર્નની ગોળીઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૪ હજારથી વધુ બાળકોને સ્થળ પર જ સારવાર તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત ૪૧૭ બાળકોને સંદર્ભ સેવાની જરૂરિયાત જણાતા તેમને સઘન સારવાર આપવામાં આવી હતી. પાંચ હજારથી વધુ બાળકોને દાંત, આંખ, કાનની તેમજ નાક અને ગળાની તકલીફો જણાઈ હતી.

જિલ્લામાં શાળાએ જતાં અને ન જતાં વિદ્યાર્થીઓને પણ આવરી લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની સાથે સાથે આરોગ્ય સપ્તાહની ઉજવણીના કાર્યક્રમો પણ જિલ્લાના ગ્રામ વિસ્તારમાં યોજાશે.

રાજ્ય સરકાર દ્વારા બાળ સુરક્ષાને આ સાથે સાંકળી લેવામાં આવતાં આરોગ્ય વિષયક જનજાગૃતિ વધશે અને તેને પગલે સ્વસ્થ સમાજની રચનાની દિશામાં સરકાર અસરકારક આયોજન કરવામાં સફળ થશે તેવો દાવો આરોગ્યતંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

આ મહત્વકાંક્ષી પ્રોજેકટના સફળ અમલીકરણ માટે તંત્રએ પુરી તૈયારી કરી લીધી હોવાનો નિર્દેશ આપતાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ જણાવ્યું હતું કે ટીમ સંલગ્ન કર્મચારીઓને બે તબક્કામાં તાલિમ અપાઈ ચુકી છે. આ માટે તંત્રએ તમામ આયોજનને લગતી કામગીરી લગભગ પુરી કરી લીધી છે. આ માટે આખુ મોનીટરીંગ સેલ જિલ્લા કક્ષાએ કાર્યરત બનશે.

## ૧૭મી ગાંધીનગરથી વીરપુર પદયાત્રાનો સોમવારે પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સેક્ટર-૨૯માં આવેલા શ્રી જલારામ ધામ ખાતેના લોહાણા યુવા સંગઠન દ્વારા સંત શ્રી જલારામ બાપા પ્રત્યેની અગાઢ શ્રદ્ધા અને ભક્તિને પરીપૂર્ણ કરવાના હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધી પદયાત્રાનું આયોજન કરાયું છે. આ સળંગ ૧૭મી પદયાત્રા છે. જેનો આગામી તા. ૧૧મી નવેમ્બર સોમવારે પ્રારંભ થશે.

આ પદયાત્રામાં સામેલ થવા માટે સે. ૨૯ ખાતે આવેલ જલારામ મંદિરેથી ફોર્મ મેળવી ભરવાના રહેશે. આ પદયાત્રા સોમવારે ગાંધીનગરથી નીકળીને અડાલજ ટહુકાની ચહેર માતા થઈને બાવળા હાઈવે, ધંધુકા હાઈવે, જશદણ મુકામે હરિરામ બાપાના આશ્રમ થઈને તા. ૨૦મી નવેમ્બર બુધવારે વીરપુર મુકામે પહોંચશે. આ યાત્રા માર્ગમાં ભાગવત વિદ્યાપીઠ સોલા, ગણેશ મંદિર કોટ, વિરબાઈ મંદિર આટકોટ, ખોડિયાર મંદિર કુંભારા તથા નકળંગ આશ્રમ મોટા દડવા જેવા અનેક ધાર્મિક સ્થળોને આવરી લઈને ચાલનાર છે. આ પદયાત્રાના ભગીરથ કાર્યમાં તન, મન અને ધનથી સેવા આપનાર દાતાઓ અને સેવકોને પણ ઉત્સાહભેર સામેલ થવા અપીલ કરાઈ છે.

## દિકરા સાથે થયેલા સામાન્ય કંકાશથી કંટાળી માતાએ કેનાલમાં ઝંપલાવ્યું

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા-નરોડા હાઈવે માર્ગ પરથી પસાર થતી લિંબડીયા, મેદરા અને રાયપુર કેનાલમાં અનેક કારણોસર લોકો કુદી પડી મોત વહાલુ કરવાના કિસ્સાઓ વધી રહ્યા છે. જેમાં લીંબડીયા નર્મદા કેનાલની સીમમાંથી પસાર થતી કેનાલમાં એક અજાણી મહિલાની લાશ પાણીમાં તરતી દેખાતા કેનાલના સિક્યુરીટી ગાર્ડ પ્રવિણભાઈ ઠાકોરે પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે પોલીસ આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં હિંમતનગરના રહેવાસી નામે કોકિલાબેન રણજીતસિંહ ચૌહાણ ઉં.વ. આશરે ૩૦ થી ૩૫ વર્ષ સાથે તેમનો દિકરો નામે સંજય સાથે નજીવી બાબતે બોલાચાલી તથા ઝઘડો થતાં વધુ લાગી આવતા લીંબડીયા કેનાલે આવી તેમણે પડતુ મુકી મોત વહાલુ કર્યુ હતુ. આ ઘટનામાં તેમની લાશ પાણીમાં તરતી દેખાતા સિક્યુરીટી ગાર્ડે પોલીસને જાણ કરી હતી ત્યારે ઘટના સ્થળે પહોંચી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ ચલાવી રહી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧




